..જીવનપ્રસંગો..

# અને હું, આજે જેવો છું, તેવો છું

**–વીક્રમ દલાલ**

## (1)

કેટલીક યાદગાર ઘટનાઓનો અહેવાલ યાદદાસ્ત ઉપરથી રજુ કરું છું. સાલમાં ભુલ હોઈ શકે; પણ હકીકતો બીલકુલ સાચી છે.

1937. અમદાવાદના માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલયના ઉદ્-ઘાટન પ્રસંગે ભાઈ (મારા પીતા. અમે એમને 'ભાઈ' કહેતા) મને સાથે લઈ ગયા હતા. બાળકો માટેની ચોપડીઓ માટેનું કબાટ બતાવ્યું. ગ્રંથપાલ કીકુભાઈ દેસાઈની ઓળખાણ કરાવી. પોતાની ટીકીટ ઉપર મને ચોપડીઓ આપવાની ભલામણ કરી. ભાઈની ટીકીટનો નમ્બર **1** હતો !

1944ના અરસાની વાત છે. તે વખતે મારી ઉમ્મર 14 વર્ષની. 1942માં જેલમાંથી છુટ્યા પછી ભાઈ મુંબઈમાં હીરજી મીલમાં નોકરી કરતા હતા. મુંબઈમાં એમને પાઘડી આપ્યા વગર ઘર ભાડે મળતું નહોતું. એટલે એક મીત્રના ઘરે રહેતા હતા. અમે અમદાવાદ 13, ભારતી નીવાસ સોસાયટીમાં અને મારા દાદા ભગુભાઈ કેશવલાલ દલાલ ધનાસુથારની પોળમાં લાવરીની પોળમાં, અમારા અસલના જુના મકાનમાં રહેતા હતા.

એક વખત દાદાએ લાવરીની પોળમાં ભાગવત સપ્તાહ બેસાડેલી. એમના કેટલાક મીત્રો ભાગવત સપ્તાહમાં 'બેસવાના' હતા. સપ્તાહમાં 'બેસવું' એટલે 'શું' એની મને ખબર નહોતી. તે વેળા મારી ઉમ્મર 14 વરસની હતી. સમજ્યા કર્યા વગર મેં કહ્યું, 'હું પણ બેસીશ.'

સપ્તાહ પુરી થઈ. ભાઈનો મુંબઈથી મારા ઉપર કાગળ આવ્યો, 'મેં એવું જાણ્યું છે કે તું ભાગવત સપ્તાહમાં બેઠો હતો, તો મહારાજે જે કહ્યું તેમાં તને સૌથી સારુ શું લાગ્યું?'

મેં લખ્યું, 'મહારાજે સમજાવ્યું હતું કે જેમ આપણે મનીઓર્ડર માટેના પૈસા અહીં આપીએ અને બીજે ગામ સામેની વ્યક્તીને મળી જાય, તેમ આપણે અહીં જે કાંઈ બ્રાહ્મણોને આપીએ તે આપણાં પુર્વજોને સ્વર્ગમાં મળી જાય' એ વાત મને ગમી ગઈ.

ઑડીટર ભાઈએ ઑડીટ કાઢ્યું, 'મનીઓર્ડરની તો પહોંચ આવે; પુર્વજોની પહોંચ આવે?' મારામાં 'ધરમ'નો (કે અન્ધશ્રદ્ધાનો?) તાજો ઉગેલો અંકુર બીચારો મુરઝાઈ ગયો અને હું રૅશનાલીસ્ટ બની ગયો.

## (2)

13, ભારતી નીવાસ સોસાયટીનું મકાન મારા દાદાએ બંધાવેલું. એમની ઘોડાગાડી મુકવા માટે, તેમણે એક ગેરકાયદેસરનું ગેરેજ બાંધેલું. ગેરેજ તોડી નાખવા માટે આપેલી મ્યુનીસીપાલીટીની નોટીસો દાદાએ ગણકારી નહોતી. 1945 થી 1947 અમે મુમ્બઈ હતા તે દરમીયાન ગેરેજ તોડી નાખવા માટે આવતા મ્યુનીસીપાલીટીના માણસોને દાદા રુપીઆ આપી રવાના કરી દેતા.

1947માં સ્વતન્ત્રતા મળી. ભાઈની મ્યુનીસીપાલીટીની જુની નોકરી ફરી ચાલુ થઈ, એટલે અમે પાછા અમદાવાદ આવી ગયા. 1947ના મે મહીનામાં દાદા ગુજરી ગયા. તે પછી એક

દીવસ ગેરેજ તોડી નાખવા માટે મ્યુનીસીપાલીટીના માણસો આવી ચડ્યા. ભાઈને જોઈને ખચકાયા.

'સાહેબ, આ તમારું મકાન છે?'

'હા. કેમ?'

'ના સાહેબ, કંઈ નહીં'

'કંઈ નહીં કેમ? કામ વગર તે કોઈ આવતું હશે? બોલો શું હતું?'

દબાણ તોડનારે સંકોચાતા સંકોચાતા વીગતવાર વાત કરી.

'તોડી નાંખો.'

'સાહેબ, ચાલશે'

'નહીં ચાલે. હું કહું છુંને કે તોડી નાંખો.'

ગેરેજ તોડી નાખવામાં આવ્યું. તેનો દંડ પણ ભાઈએ ભરી દીધો.

આવી હતી ભાઈની ન્યાયપ્રીયતા.

## (3)

1948માં ભાઈ અમદાવાદ મ્યુનીસીપાલીટીના ચીફ ઑફીસર હતા. તે જમાનામાં ટીવી નહોતાં અને રાત્રે જમ્યા પછી સન્તાનો વડીલો પાસે બેસે, તેવો રીવાજ હતો. એક દીવસ રાત્રે લગભગ 8 વાગ્યે હું, ભાઈ સાથે વાતો કરતો બેઠો હતો. ત્યારે લાવરીની પોળમાં રહેતા તેમના જુના પરીચીત દાંતના ડૉક્ટર રવીન્દ્ર દલાલ - તેમની સાથે એક ભાઈને લઈને - મળવા આવ્યા.

પેલા ભાઈ મ્યુનીસીપાલીટીના કોન્ટ્રાકટર હતા. કોઈ કામ માટેનાં ટેન્ડર બીજા દીવસે ખુલવાનાં હતાં, તેમાં તેમનું ભરેલું ટેન્ડર પાસ કરવા માટે બ્રીફ કેસ ભરીને રુપીયા આપવા માટે આવ્યા હતા.

તેમની ઓફર સાંભળી ભાઈએ કહ્યું, "તમે રવીન્દ્રભાઈને સાથે લઈને આવ્યા છો તેથી તેમની આમન્યા જાળવવા હું કાંઈ કરતો નથી. એકલા આવ્યા હોત તો લાત મારીને ઘરની બહાર કાઢી મુકત."

બીજે દીવસે સાંજે મેં ભાઈને મેં પુછ્યું, "પછી પેલાનું શું થયું ?"

"એનું ટેન્ડર પાસ થઈ ગયું."

"કેમ ?"

"એનું ટેન્ડર lowest હતું!"

એ વખતે અમારે માથે દેવું હતું; કારણ કે 1942માં ભાઈ જેલમાં હતા ત્યારે ઘર ચલાવવા માટે શારદાબહેને(મારી માતાએ) બીજા પાસેથી પૈસા ઉધાર–ઉછીના લીધા હતા. ભાઈએ આ રુપીયા લઈ લીધા હોત તો દેવું ચુકવાઈ ગયું હોત અને મ્યુનીસીપાલીટીને તો કોઈ નુકસાન થવાનું જ નહોતું; પણ જે પાઠ હું ભણ્યો તે ભણી શક્યો ન હોત.

## (4)

સાલ 1948. મારી કૉલેજ (M.G. Science)માં કેટલાક છોકરાઓ રીસેસમા સીગારેટ પીતા હતા. એક દીવસ મને થયું કે આપણે પણ કેમ ના પીએ? પીધી. ખોં.. ખોં.. ખોં... બીલકુલ મઝા ન પડી.

સાંજે ભાઈને કહ્યું કે આજે મેં કૉલેજમાં સીગારેટ પીધી.

બીલકુલ ગુસ્સે થયા વીના પુછ્યું, ''કેમ''?

''જોવા માટે, કે કેવી લાગે છે!''

''કેવી લાગે છે?''

''મઝા નહીં આવી. હવે જીન્દગીમાં ફરી વાર નહીં પીઉં''

## (5)

૧૯૪૨ની ચળવળના અરસાની વાત છે. તે વખતે મારી ઉમ્મર બાર વરસની. અમારા વીસ્તારના છોકરાઓની એક વાનરસેના ઉભી કરવામાં આવી. તેના કાર્યક્રમોમાં પ્રભાતફેરી, સમુહકાંતણ, દેશી રમતો ને ક્યારેક તોફાનો પણ હતાં.

એક વખત એવું નક્કી કરવામાં આવ્યું કે 'ક્વીટ ઈન્ડીયા' લખેલાં પોસ્ટરો તૈયાર કરવાં. શાળામાં હું ચીત્રકામ શીખતો હતો એટલે એ કામ મને સોંપાયું. મારી મદદમાં એક મીત્ર પણ હતો.

બીજે દીવસે બપોરે કામ શરુ કર્યું. રમવા જવાનો સમય થઈ ગયો; પણ કામ અધુરું હતું. એટલે મેં મારા મીત્રને કહ્યું કે જેમતેમ લપેડા મારીને કામ પુરું કરી નાખીએ.

બાજુમાં મારાં બા કશુંક કામ લઈને બેઠાં હતાં. તેમણે વેઠ ઉતારવાની વાત સાંભળી. મને કહે, ''જેમતેમ કેમ? જે કાંઈ કામ માથે લીધું હોય તે 'જેમતેમ' નહીં કરવાનું. ન કરવું હોય તો તે વખતે જ ના પાડવી હતી; પણ એક વાર કામ લીધા પછી તે બરાબર જ કરવું જોઈએ.''

યાદ નથી કે તે દીવસે તેમની વાત મેં માની હતી કે નહીં; પણ એ શબ્દો હમ્મેશાંને માટે યાદ રહી ગયા. અત્યારે હું વ્યવસાયે ફોટોગ્રાફર છું. ડાર્કરુમમાં કામ કરતી વખતે કોઈ વાર નબળી પ્રીન્ટ નીકળે અને તે ચલાવી લેવાનું મન થાય, ત્યારે પાંત્રીસ વર્ષ પહેલાંના એ શબ્દો સંભળાય છે અને એક ક્ષણના પણ વીલમ્બ વગર તે નબળી પ્રીન્ટ કચરાની ટોપલીમાં જાય છે.

મારા કાર્યની સફળતાનું આ એક માત્ર રહસ્ય છે.

## (6)

ભાઈ 1950માં મ્યુનીસીપલ કૉર્પોરેશનમાંથી ચીફ ઑડીટર તરીકે નીવૃત્ત થયા. પાંચ વરસ પછી 1955માં હું સંસ્કાર કેન્દ્રમાં ફોટોગ્રાફર તરીકે નોકરી કરતો હતો. એ વખતે સંસ્કાર કેન્દ્રનું મકાન હજી બંધાતુ હતું. તેથી અમારે રાયખડ મ્યુનીસીપલ કોઠામાં બેસવાનુ હતું. કૉર્પોરેશનના કેટલાક ફંક્શનના મેં ફોટા પાડ્યા હતા.

એક દીવસ 'રીક્રીએશન એન્ડ કલ્ચરલ' કમીટીના ચૅરમૅન મુસ્તફા બાવામીંયા કાદરી નામના કૉર્પોરેટર તરફથી સન્દેશો આવ્યો કે 'રીક્રીએશન એન્ડ કલ્ચરલ' કમીટીની મીટીંગ ચાલુ છે. ત્યાં મારે તાબડતોબ આવી જવું.

હું પહોંચ્યો. ભરસભામાં કાદરીસાહેબે પોતાનો રોફ જમાવ્યો :

'તમે મને ફોટા કેમ નથી આપતા?'

'શેના ફોટા? કયા ફોટા તમારે જોઈએ છે?'

'એમાં વળી પુછવાનુ શું? જેમાં જેમાં હું દેખાતો હોઉં તે બધા ફોટા મને આપવાના.'

'હું સામે ચાલીને કોઈને ફોટા આપતો નથી.'

'એટલે શું હું 'કોઈ' છું?' કાદરીસાહેબ ઉકળી ઉઠ્યા.

'સાહેબ, તમારે ફોટા જોઈતા હોય તો કમીશનર સાહેબ મારફત લેખીત હુકમ અપાવો.'

કોઈએ આવા જવાબની અપેક્ષા નહોતી રાખી. સભામાં સન્નાટો છવાઈ ગયો. બધા ચુપચાપ તમાશો જોતા બેઠા રહ્યા. સ્મશાનવત્ શાન્તી. થોડીવાર પછી મેં કહ્યું,

'હવે હું જાઉં?'

'પધારો' કાદરીસાહેબ ભભુક્યા.

હું ઉભો થઈને ચાલવા માંડ્યો. સભામાં ભાઈના સમકાલીન કેટલાક અધીકારીઓ પણ હતા. તેમણે મને રોકવાની કોશીશ કરી, 'દલાલ દલાલ..' પણ મેં ચાલવા માંડ્યું. જતાં જતાં મારા કાને શબ્દો પડ્યા, 'સાહેબ, એ સીંહનો બચ્ચો છે.'

–વીક્રમ દલાલ

**એક નોંધ:**

1930માં જન્મેલા વીક્રમભાઈ, 87 વરસની વયે પણ નેટજગતમાં રમમાણ છે. એમનાં પત્ની લતાબહેને આ જગતમાંથી હમણાં જ વીદાય લીધી. પોતે ચીન્તક અને સશક્ત લેખક છે. આજે લગભગ એક વરસથી તેઓ દર શનીવારે, ‘ભુમીપુત્ર’ને છેલ્લે પાને પ્રકાશીત થયેલી, ‘હરીશ્ચન્દ્ર’ની (બધી નહીં; પણ એમની પસંદગી પામેલી) ટચુકડી વાર્તાઓ દર શનીવારે, તેના રસીયા દેશવીદેશના લગભગ 150 જેટલા વાચકોને તેઓ અચુક મોકલે છે..

હવે તે પચાસ જેટલી વાર્તાઓની ઈ.બુક પણ તેઓ તૈયાર કરી રહ્યા છે અને તેઓ આ જ મહીને સૌ વાચકોને મોકલશે. તમે જો એમની એ ‘શનીવારીય વાર્તા’ કે તે ‘ઈ.બુક’ મેળવવા ઈચ્છતા હો તો એમને - inkabhai@gmail.com)ના સરનામે લખી શકો છો.

..ઉત્તમ.મધુ ગજ્જર..

**લેખકનું સર્જન :**

1. મનોમન્થન – ત્રીજી આવૃત્તી; કીમત રુપીયા : 200 (હાલ અપ્રાપ્ય)
2. MANOMANTHAN-English Edition કીમત રુપીયા : 100
3. બાળકને સમજાવવા જેવી વાતો – કીમત રુપીયા : 50
4. મારી તતુડી – ત્રીજી આવૃત્તી; કીમત રુપીયા : 100
5. આંગળી ચીંધવાનું પુણ્ય – કીમત રુપીયા : 20
6. રેશનાલીસ્ટની દૃષ્ટીએ ગીતાનો સંદેશ – કીમત રુપીયા : 40

લેખક પોતે જ પ્રકાશક પણ છે. તેથી પુસ્તકો માટે નીચેને સરનામે એમને જ પુછપરછ કરવા વીનન્તી છે :

**લેખકસમ્પર્ક :**

VIKRAM DALAL;

2/15-Kalhar Banglows, SHILAJ- Amdavad

Po. Rancharda-382 115

Phone : 02717-249 825 Mobile : 9427325820

eMail : inkabhai@gmail.com

♦●♦

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ: તેરમું – અંક: 383 –September 17, 2017

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,41,31,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 83,27,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 9,53,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 7,06,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@